## સાઠંબા વીદ્યુત બોર્ડના ઈજનેર દ્વારા કમ્પાઉન્ડ ચાર્જ ન સ્વીકારાતા નાની વઘાસ ગામના લોકો ની હિજરત ની ચીમકી

બાયડ, તા.૨૬

બાયડ તાલુકા ના સાંબા ગામના વિધુત બોર્ડ ના ઈજનેરશ્રી દ્વારા વીરપુરોતાલુકાના નાની વઘાસ ગામના ગ્રામજનો ને થઈ રહેલા અન્યાય ને પડખે સ્વાભીમાન આંદોલન નામની સેવાભાવી સંસ્થાએ આવી ને આ ગામના લોકો ને ન્યાય અપાવવાનુ નકકી કર્યુ છે ત્યારે આ સંસ્થા દ્વારા થોડાક દિવસો પહેલા સાઠંબા વિદ્યુત બોર્ડ આગળ ઉપવાસ પર બેઠા હતા ત્યારે એ વખતે તલોદ વીભાગના કાર્યપાલક શ્રી કે.ડી.પટેલે પારણા કરાવી દીન ૧૫ માં ઘટતુ કરવાની ખાત્રી આપી હતી પરંતુ આજે ૨૫ દિવસ જેટલો સમય ગાળો વિતવા છતાં પણ કોઈ કાર્યવાહી ન કરતાં આ ગામના લોકો એ હીજરત કરવાની ચીમકી આપી હતી આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર વડોદરા વીભાગના એ.એસ.આઈ ભાનુભાઈ જીવાભાઈ વાઘેલા ના શારીરીક માનસીક ત્રાસ ના કારણે ચાર માસ થી ઘર છોડી ગયેલ ઠાકોર રામાભાઈ કોદરભાઈ કમ્પાઉન્ડ ચાર્જ ભરવાની બાબતે તા.૨-૫-ના રોજ સાઠેબા વિદ્યુત ખાતે આપેલ અરજી નો નીકાલ ન થાતં કમ્પાઉન્ડ ચાર્જ સ્વીકારો ના અનુસધાન માં તા ૨૮ નારોજ અચ્ચોકસ મુદત ના ઉપવાસ પર બેઠા હતા પરંતુ તે સમયે લોદ વીભાગના કાર્યપાલક શ્રી કે.ડી.પટેલે પારણા કરાવી દીન ૧૫ માં ઘટતુ કરવાની ખાત્રી આપી હતી પરંતુ આજે ૨૫ દિવસ જેટલો સમય ગાળો વિતવા છતાં પણ કોઈ કાર્યવાહી ન થાતં કાર્યવાહી ન કરતાં કમ્પાઉન્ડ ચાર્જ સ્વીકરોની માંગણી સાથે ચોમાસા સીઝન માં વીજળી ના કડાકા ભડાકા વા વંટોળ ધોધમાર વરસાદ માં પણ ૫ વર્ષ ના બાળક થી લઈ ને વૃધ્ધો સહીત તેમજ ગાય ભેસ અને ઘેટા બકરા સહીત ગામમાંથી હિજરત કરવાની ચીંમકી .ચચારી હતી તેવુ સ્વાભીમાન આંદોલન ના પ્રમુખ કૈલાસબેન જાલા એ એક અખબારી યાદી માં જણાવ્યુ હતુ.

## પ્રાંતિજ તાલુકાના ગામોને ચક્રવાત વાવાઝોડાથી નુકશાનને રાહત ચુકવાઈ નથી

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં તા. ૧૩ જૂને ચક્રવાત તેમજ વરસાદથી થયેલ નુકશાન પામેલ અસરગ્રસ્તોને હજુ સુધી કેશડોલ્સ કે રાહત ચુકવાઈ નથી. પલ્લાયર પોગલુ, મેમદપુર, ઝીંઝવાના ગામોમાં ભારે વિનાશક ચક્રવાત પવન સાથે વરસાદ થવાથી ગરીબોના અનેક ઘરોને નુકશાન થવા પામેલ છે. જિલ્લા પંચાયતના સભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે.

## સાબરકાંઠા જીલ્લા ના હિંમતનગર મુકામે કોગ્રેસ માઈનોરીટી ડીપાર્ટમેન્ટ નુ સંમેલન યોજાયુ

બાયડ, તા.૨૬

સાબરકાંઠા જીલ્લા માં વિધાનસભા ની ચુટણીઓ નજીક આવતાની સાથે જ દરેક રાજકીય પક્ષે પોતાની વિવિધ પાંખો ના સેલ ના સંમેલનો યોજવાના ચાલુકરી દીધી છે જેમાં ગુજરાત ના મુખ્ય બે પક્ષો કોગ્રેસ અને ભાજપા વિધાનસભાની ચુટણી નજીક આવતાની સાથે પક્ષ માં પડેલા ગાબડા અને ડેમેજ કંટ્રોલ કરવા માટે અત્યારથી જ કાર્યકરો ની મુલાકાતો નો દોર શરૂ કરી દરેક સમાજ ના સંમેલ નો ચાલુ કરી દીધા છે

ત્યારે સાબરકાંઠા જીલ્લા ના હિંમતનગર મુકામે ગઈકાલે સાજે કોગ્રેસ ના માઈનોરીટી ડીપાર્ટમેન્ટ નુ સંમેલન યોજવામાં આવ્યુ હતુ જેમાં સમગ્ર જીલ્લા માં મોટી સંખ્યા માં મુસ્લીમ બિરાદરો ઉપસ્થીત રહયા હતા આ સમગ્ર કાર્યક્રમ નુ આયોજન સાબરકાંઠા જીલ્લા ના માઈનોરીટી સેલ ના પ્રમુખ ખાદીમ ભાઈ લાલપુરી દ્વારા કરવામાં આવયુ હતુ આ કાર્યક્રમમાં



તસવીર : સમીર બલોચ, બાયડ

ગુજરાત રાજય પ્રદેશ કોગ્રેસ લઘુમતી સેલ ના પ્રમુખ વજીરખાન પઠાણ ,ઉપ પ્રમુખ યુસુફભાઈ પરમાર તેમજ અધ્યક્ષ સ્થાને અહેમદભાઈ નાદોલીયા પ્રદેશ ના મંત્રી પુજીલાલ શેઠ સત્તારભાઈ તેમજ વડાલી તાલુકાના ભુતપુર્વ ડેલીગેટઅમાનુલ્લાખાન પણ ઉપસ્થીત રહયા હતા જયારે આ સંમેલન માં મુસ્લી મો ઉપર હાલ માં થતા અત્યાચાર અને ગુજરાત રાજય માં થઈ રહેલા અન્યાય પ્રત્યે લડત આપવા તેમજ આગામી વિધાનસભા માં મુસ્લીમ સમાજ ને પ્રતીનીધીત્વ મળે તે માટે આ સંમેલન યોજવામાં આવયુ હતુ તેમજ જે તાલુકાના અને શહેર ના પ્રમુખો ની વરણીકરવામાં આવી તેમનો પરીચય પણ કરાવવાવમાં આવ્યો હતો જયારે તા.૧ ના રોજ ગાંધીનગર ખાતે સમગ્ર ગુજરાત રાજયો ના મુસ્લીમો નુ એક મહા સંમેલન યોજાવા જઈ રહયુ છે તેમાં મોટી સંખ્યા માં કાર્યકરો ને ઉપસ્થી રહેવા જણાવાયુ છે આ કાર્યક્રમ ને સફળ બનાવવા માઈનોરીટી ના પ્રમુખ ખાદીમભાઈ લાલલપુરી તેમજ માઈનોરીટી સેલના મંત્રી વાજીદ મીરઝાં વિરોધ પક્ષ ના નેતા ઈશાકભાઈ તેમજ મીડીયા સેલના ફારૂકભાઈ અને યુસુફભાઈ એ ભારે જહેમત ઉઠાવી હતી.

## ઊંઝામાં મહિલાના ગળામાંથી સોનાનો દોરો ઝૂંટવવાના અન્ય બે બનાવ

ઊંઝા, તા.૨૬

ઊંઝા શહેરમાં હમણાંથી ચેઈન સ્નેચરોને જાણે પોલીસનો કોઈ જ ડર કે ભય ન હોય તેમ ગુનેગારો બેફામ બન્યા છે. દિવસે અને રાત્રિના સમયે મહિલાઓના ગળામાંથી સોનાના કિંમતી દોરાઓ ઝુંટવીને ફરાર થઈ જતા હોવાના ઉપરાછાપરી બનાવો બની રહ્યા હોઈ મહિલાઓ ભયના ઓથાર હેઠળ જીવી રહી છે. ગત શનિવારની રાત્રે શહેરના પાટણ રોડ પર આવેલા મારૂતિનંદન સોસાયટીના એક મકાનની બહાર પરિવારજનો સુતેલા હતા ત્યારે મધરાત બાદ કોઈ અજાણ્યા ચાર ઈસમો અહીં આવ્યા હતા જે પૈકી એક ઈસમે પરીવારી દિકરીનું ગળું દબાવીને ગળામાંથી સોનાનો દોરો ઝુંટવી લીધો હતો. અને ત્યારબાદ ચારેય ઈસમો અંધારામાં કયાંક નાસી છૂટયા હતા. આ ગંભીર બનાવની તપાસ હજી પ્રાથમિક તબક્કે જ છે ત્યાં આજે ધોળા દિવસે બપોરના સમયે સ્કૂલ આગળ જ શાળામાં પુત્રને લેવા માટે ગયેલ એક મહિલાના ગળામાંથી બાઈક પર આવેલ બે અજાણ્યા શખ્સો સોનાના દોરાની તફડંચી કરીને કયાંક નાસી છુટયા હોવાનો વધુ એક ચોંકાવનારો બનાવ બનતાં શહેરમાં ભારે સનસનાટી મચી ગઈ હતી. વિગત એવી છે કે, ઊંઝા શહેરમાં વડેચીમાતા પાસે નાયકવાસમાં રહેતા ચેતનાબેન હેતલભાઈ દરજી પોતાના બે નાના બાળકો શાળામાં અભ્યાસ કરતા હોઈ બપોરના સમયે બાળકોને લેવા માટે કે.એલ. હાઈસ્કૂલે ગયા હતા ત્યાં શાળાના દરવાજા પાસે શાળા તરફથીજ બાઈક પર આવેલ બે અજાણ્યા શખ્સો ચેતનાબેનના ગળામાં પહેરેલ એક તોલા વજનની સોનાની ચેઈન ખેંચી ઝૂંટવી લઈ અચાનક બાઈક પર કયાંક ફરાર થઈ ગયા હતા. શાળાના ઝાંપા પાસે જ ધોળા દિવસે મહિલાના ગળામાંથી સોનાના દોરાની તફડંચી થતાં આ વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી હતી. ઘટના સ્થળે એકઠા થયેલ લોકોએ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિ વિશે બળાપો વ્યકત કર્યો હતો.




ઈન્ડીયન મેડીકલ એસોસીએશનના રાષ્ટ્રવ્યાપી બંધના એલાનના પગલે પાલનપુર સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં તબીબોએ બંધ પાળ્યો હતો અને સૂત્રોચ્ચારો સાથે રેલી કાઢી કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. જેથી દિવસ દરમિયાન સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની હાલત ભારે કફોડી બની હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## શિહોલી મોટીની સીમ-ટ્યુબવેલોના ત્રણેય સ્થળોથી આશરે ૮૫૦૦ કિંમતનો કેબલ ચોરી : તસ્કરોએ બાઈક સળગાવી દીધું

ચિલોડા, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારના ગ્રામ્ય વિસ્તારમાં અનેક નાની-મોટી ચોરીના બનાવોમાં ઉમેરો થઈ રહ્યો છે. તેમાં લેંકાવાડા, ડભોડા, ચિલોડા, દોલારાણા વાસણા, દશેલા મુખ્ય ગામોમાં તસ્કરોનો પગપેસારો થતાં ગ્રામજનોમાં ભય અને ફફડાટ વ્યાપી રહ્યો છે. જેમાં ખેત ટ્યુબવેલ પરના કેબલોની ચોરી, દેવ-દેવીના ધર્મસ્થાનોમાં ચોરી-લૂંટના બનાવોથી, ધાડપાડુનો તરખાટ મચાવતાં અજાણ્યા ઈસમો માઝા મુકી રહ્યા છે. જેમાં સાદરા ગામે સુપ્રસિદ્ધ પવિત્ર યાત્રાધામમાં અજાણ્યા માણસો દ્વારા મંદિરના મહંત અને ચોકીદાર પરનો હુમલો અને લૂંટ બાદ શિહોલી મોટીની સીમમાં આવેલા દશેલાના ત્રણેય ટ્યુબવેલ પરથી કેબલ ચોરીના બનાવોથી ખેડૂત આલમમાં ભય સતાવી રહ્યો છે. આ બનાવ અંગે મળતી વિગત મુજબ શિહોલી ગામની સીમમાં આવેલ ઠાકોર ભુપતસિંહ કલ્યાણસિંહે ચોરી અંગે ફરિયાદ આપતાં જણાવ્યું છે કે, તેઓ ઘરે જમી ગામમાં બેસવા ગયા હતા. ત્યારે તેમના ખેતરમાં કામ કરતાં ચેતનભાઈ પટેલે ફોન પર કેબલ ચોરાયા અંગે જાણ કરી હતી. ત્યારબાદ તપાસ કરતાં અન્ય ટ્યુબેલ પરથી ગાંડાજી ભુલાજી ઠાકોર તથા પ્રતાપજી મંગાજીના ખેતરમાંથી કેબલ ચોરી થઈ હોવાનું જાણવા મળે છે. આ દરમ્યાન પોતે જીલુજી શંકરજી ઠાકોર રહે. દશેલા તેમનું હીરાહોન્ડા સીડી ડીલક્ષ બાઈક નં. જીજે-૧૮-ક્યુ-૫૮૧૩ લઈ ખુમાજી શનાજીના બોર પર મુકી તપાસ કરી રહ્યા હતા ત્યારે કોઈ ઈસમોએ આ બાઈક સળગાવીને રફુચક્કર થઈ ગયા હતા. ત્યાર બાદ ત્યાં આવી તેઓએ બાઈકની આગ ઓલવી હતી. આ કેબલ ચોરીમાં વિવિધ ખેતરોમાં કુલ ૩૦ મીટર આશરે ૮૫૦૦ રૂ.ની કિંમતનો કેબલની ચોરી થઈ હોવાનું જાણવા મળે છે.

## ગઢડા શામળાજી ગામના તળાવમાં ડૂબી જવાથી બે કિશોરનાં મોત

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા શામળાજી ગામે આજે બપોરે તળાવમાં નહવા પડેલા બે કિશોરો ડુબી જવાથી મોતને ભેટ્યા હતા. આ સમગ્ર ઘટનાથી ભારે ચકચાર મચી જવા પામી હતી.



મળતી માહિતી મુજબ ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા શામળાજી ગામે આજે બપોરે ૧૨ વાગ્યાના સમયે ગામના જ બે કિશોરો યુવરાજસિંહ ભારતસિંહ ચૌહાણ (ઉં.વ. ૯) અને સદેવસિંહ વિક્રમસિંહ ચૌહાણ (ઉં.વ.૧૦) તળાવમાં નહાવા ઉતર્યા હતા. તે સમયે અચાનક જ આ બન્ને બાળકો પાણીમાં ડુબવા લાગ્યા હતા. જેથી બન્ને બાળકો ડુબી જવાથી મોતને ભેટ્યા હતા. આ બનાવ અંગે હાદરસિંહ પરબતસિંહ ચૌહાણે ખેડબ્રહ્મા પોલીસમાં જાણ કરતા પોલીસે આ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## લાંબડિયા ગામે મેમન ભાઈઓનો સ્નેહમિલન સમારોહ યોજાયો

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ઊંડાણમાં રાજસ્થાન સરહદે અરવલ્લીની હારમાળાઓમાં સાબરમતી નદીના કિનારે આવેલા લાંબડીયા ગામમાં એક અનેરો મિલન સમારોહ યોજાયો હતો. લાંબડીયા ગામના મૂળ નિવાસી વિશ્વભરમાં વસતા મેમન ભાઈઓના આ પ્રથમ મિલન સમારોહનો આ વિસ્તારમાં શિક્ષણની જયોત જગાવનાર એડવોકેટ એહમદભાઈ એમ. સાચોરાએ સમાજના વડીલોની હાજરીમાં ખુલ્લો મૂકયો. આ મિલન સમારંભ પ્રસંગે 'અમ્મા હુરબાઈ સાચોરા મહિલા કોમ્યુનીટી સેન્ટર' અને 'હજીયાણી ખૈરૂન્નીસા એ. સાચોરા મહિલા શીવણવર્ગ'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું અને મદ્રેસાના બાળકોનો કલ્ચરલ પ્રોગ્રામ અને સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન સમારંભ પણ યોજાયો.

આ કાર્યક્રમોમાં લાંબડીયા મેમન જમાતના અધ્યક્ષ ફતેમહંમદભાઈ, ઉપ્રમુખ ડૉ. એફ. જે. સાચોરા અને શાહીદ કાપડીયાએ સ્વાગત પ્રવચન આપ્યું અને પ્રમુખ અ. કાદર ઈબ્રાહીમ મેમન નેતાજીએ પ્રાસંગીક પ્રવચનમાં જમાતના કામકાજની રૂપરેખા બતાવતાં જણાવ્યું કે લાંબડીયા થરાદી મેમન જમાત માત્ર ઈન્ફાસ્ટ્રક્ચર જ ઉભી કરી રહી નથી ઈન્ફાસ્ટ્રક્ચરની સાથે આદર્શ સમાજ ઘડતરનું પણ કામ કરી રહી છે. એમ.એલ.એ. - એમ.પી. તાલુકા પંચાયત જેવી સરકારી સંસ્થાઓની મદદ- સરકારી યોજનાઓની જાણકારી- મહિલા શશક્તિકરણ રોજગારી સાથે શિક્ષણનું સ્તર સુધરે અને વ્યાપ વધે તો માટે સતત પ્રયત્નશીલ છીએ.

આ મિલન સમારોહ પ્રસંગે યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં 'અમ્મ હુરબાઈ મહિલા કોમ્યુનીટી સેન્ટર'નું જનાબ એ.એમ. સાચોરા સાહેબે ઉદ્‌ઘાટન કર્યું હતું. 'ખૈરૂન્નીસા એ. સાચોરા મહિલા શીવણર્ગ'નું ઉદ્‌ઘાટન જનાબ મુહમ્મદસલીમ એ. સાચોરાએ કર્યું હતું અને આ મિલન સમારંભને જનાબ એ. એમ. સાચોરાએ ખુલ્લો મુક્યો હતો.

## મેઘરજને એસ.ટી.ડેપો મંજૂર કરવાની માંગણી

મેઘરજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પછાત અને આદિવાસી વસ્તીવાળા મેઘરજ તાલુકાના એસ.ટી.ની સેવાઓમાં દુર્લક્ષ સેવામાં આવી રહ્યું છે. મેઘરજમાં એસ.ટી.ડેપો શરૂ કરવાની વર્ષો જૂની માંગણી છે. જેને એસ.ટી. નિગમે આદિવાસી તાલુકાને ડેપોની સગવડથી વંચિત રાખેલ છે. જેથી આ વિસ્તારનો સર્વાંગી વિકાસ અટકેલ છે.

આદિજાતિ વિસ્તાર વિકાસ માટે કેન્દ્ર સરકારની ખાસ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. તે ગ્રાન્ટનો ઉપયોગ થયો હોય તેમ જણાતો નથી. મેઘરજમાં એસ.ટી.ડેપો બનાવવાની મોકળાશવાળી વિશાળ જગ્યા છે. તો સત્વરે એસ.ટી.ડેપો બનાવવાની લોક માંગણી છે.

## મોડાસાના આફતાબ દુરાનીની કેન્દ્રીય લઘુમતી શૈક્ષણિક સંસ્થામાં નિમણુંક

મોડાસા, તા. ૨૬

ભારત સરકારના માનવ સંશાધન વિભાગના નેશનલ ફોર માઈનોરીટી એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ નવી દિલ્હીના ચેરમેન જસ્ટીશ સીદીકીને ફરીથી રાષ્ટ્રીય અલ્વસંખ્યક શૈક્ષણિક સંસ્થા આયોગ નવી દિલ્હીના કો.ઓડીનેટર તરીકે સતત પાંચમાં વર્ષ મોડાસાના આફતાબ દુરાનીની નિમણુંક કરેલ છે. તેઓથી મખહુમ એજ્યુકેશન સોસાયટી મોડાસાના પ્રમુખ છે. ગુજરાત માંથી ફકત આફતાબ દુરાનીની નિમણુંક થયેલ છે. મોડાસાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ તથા કોંગ્રેસપક્ષે આફતાબ દુરાનીની નિમણુંકને આવકાર આપ્યો છે.

## બનાસકાંઠામાં કોંગ્રેસ આઈ.ટી. સેલ સક્રિય બન્યું

પાલનપુર, તા. ૨૬

રાજયમાં આગામી વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસ તથા ભાજપ સહિત અન્ય પક્ષો પણ સક્રિય બન્યા છે ત્યારે પાલનપુરમાં પણ કોંગ્રેસનો આઈ.ટી. સેલ સક્રિય બનતા કોંગ્રેસી કાર્યકરો ચેતનવંતા બન્યા છે.

પાલનપુરમાં આયોજીત આ કાર્યક્રમમાં પ્રદેશ કોંગ્રેસના ઈન્ફોર્મેશન ટેકનોલોજી સેલના પદાધિકારીઓએ કાર્યકરોને આધુનિક રીતે પાર્ટીની પ્રચાર કામગીરી હાથ ધરવા અનુરોધ કર્યો અને પ્રસાર કામગીરીમાં વધારે ને વધારે એસ.એમ.એસ., ફેસબુક, ટ્વીટર અને ઈમેલ જેવી તમામ સોસિયલ નેટવર્કીંગ સાઈટો ઉપયોગ કરવા જણાવ્યું હતું. આ પ્રસંગે સાંસદ મુકેશભાઈ ગઢવી, દલસંગભાઈ પટેલ અને બહાદુરસિંહ વાઘેલા સહિત અન્ય મહાનુભાવો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

| | | |
|---|---|---|
| **સાબરકાંઠા જિલ્લામાં** | | |
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| **મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં** | | |
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

### ટૂંકી મુદતની જાહેર નિવિદા સને ૨૦૧૨-૨૦૧૩
**(ફક્ત વિદ્યુત ઈજારદારશ્રીઓ માટે)**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૨, પાટનગર યોજના ભવન, બીજો માળ, સેક્ટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૫૧૬ ગાંધીનગર દ્વારા વીજળીકરણને લગતા કામોની અંદાજીત કિંમત રૂ. ૧,૧૯,૮૫૨/- થી ૨,૯૮,૧૯૭/- આ માટે આવા કામના અનુભવી અને નિષ્ણાંત ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૨/૭/૨૦૧૨ છે અને પરત મેળવવાની છેલ્લી તારીખ : ૯/૭/૨૦૧૨ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૬૯૪/૧૨-૧૩

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ કલેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેકટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન